# ભારતે અફઘાનિસ્તાનને 159 પર સિમીત રાખ્યું

**નીતીશ** રેડ્ડીએ 24 રનમાં 3 વિકેટ ઝડપી મિડલ ઓવર્સમાં અફઘાન બેટર્સને રોક્યા

**રાશિદ**-નબીની આક્રમક બેટિંગથી અફઘાનિસ્તાનનો સન્માનજનક સ્કોર



નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): નવી દિલ્હી ખાતે મંગળવારે રમાયેલી 3 T20I મેચોની સિરીઝની બીજી મેચમાં ભારતીય બોલરોના શિસ્તબદ્ધ પ્રદર્શન સામે અફઘાનિસ્તાનની ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 159 રન જ બનાવી શકી હતી. ભારતીય ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીએ શાનદાર બોલિંગ કરતા 3 ઓવરમાં 24 રન આપીને 3 મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી.

ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે મેડન ઓવરથી શરૂઆત કરી હતી. ત્યારબાદ અર્શદીપ સિંહે રહમાનુલ્લાહ ગુરબાઝને શૂન્ય પર આઉટ કરીને ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. ઈબ્રાહિમ ઝદરાન (37) અને સદીકુલ્લાહ અટલે (12) ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો હતો અને પાવરપ્લેમાં ટીમનો સ્કોર 1 વિકેટે 41 રન સુધી પહોંચાડ્યો હતો.

જોકે, મિડલ ઓવર્સમાં ભારતીય બોલરોએ મેચ પર દબાણ બનાવ્યું હતું. 7મીથી 14મી ઓવર દરમિયાન અફઘાનિસ્તાને માત્ર 64 રન બનાવ્યા હતા અને 5 વિકેટો ગુમાવી દીધી હતી. નીતિશ રેડ્ડીએ સેટ બેટ્સમેન ઝદરાન અને ગુલબદીન નાઈબને પવેલિયન ભેગા કર્યા હતા, જ્યારે રવિ બિશ્નોઈ અને અક્ષર પટેલે પણ 1-1 વિકેટ ઝડપી હતી.

અંતિમ ઓવરોમાં મોહમ્મદ નબી (20) અને કેપ્ટન રાશિદ ખાને (28) માત્ર 28 બોલમાં 48 રનની ઝડપી ભાગીદારી નોંધાવીને ટીમને 159 રનના લડાયક સ્કોર સુધી પહોંચાડી હતી. બુમરાહે નબીને અને નીતિશે આખરી ઓવરમાં રાશિદને આઉટ કરીને અફઘાનિસ્તાનને મોટો સ્કોર કરતા રોક્યું હતું.

| અફઘાનિસ્તાન | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ઝારદાન કો બિશ્નોઈ બો નીતીશ | 37 | 33 | 6 | 0 |
| ગુરબાઝ કો બિશ્નોઈ બો અર્શદીપ | 0 | 3 | 0 | 0 |
| સદિકુલ્લાહ કો તિલક બો બિશ્નોઈ | 12 | 15 | 2 | 0 |
| ગુલાબદીન કો સેમસન બો નીતીશ | 10 | 8 | 1 | 0 |
| દારવિશ કો તિલક બો અર્શદીપ | 26 | 15 | 1 | 2 |
| ઓમરઝાઈ કો તિલક બો અક્ષર | 11 | 10 | 2 | 0 |
| નબી કો અય્યર બો બુમરાહ | 20 | 14 | 2 | 1 |
| રાશિદ કો અક્ષર બો નીતશ | 28 | 16 | 3 | 1 |
| નૂર અહેમદ અણનમ | 7 | 3 | 0 | 1 |
| મુજીબ અણનમ | 4 | 3 | 0 | 0 |
| વધારાના | 4 | | | |
| કુલ 20 ઓવરમાં 8 વિકેટે | 159 રન | | | |

**વિકેટ પતન**: 1-0, 2-51, 3-59, 4-67, 5-96, 6-100, 7-148, 8-148

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જસપ્રીત બુમરાહ | 4 | 1 | 25 | 1 |
| અર્શદીપ સિંહ | 4 | 0 | 35 | 2 |
| અક્ષર પટેલ | 4 | 0 | 28 | 1 |
| રવિ બિશ્નોઈ | 4 | 0 | 32 | 1 |
| નીતીશ રેડ્ડી | 3 | 0 | 24 | 3 |
| શિવમિ દુબે | 1 | 0 | 13 | 0 |

# વેસ્ટઇન્ડિઝ સામેની વનડે સિરીઝ માટે શું હાર્દિકની અને પંતને ટીમમાં સામેલ કરાશે?

**આજે** અજિત અગરકરની આગેવાનીમાં ટીમની પસંદગી કરાશે

**રોહિત** શર્મા, વિરાટ કોહલી અને શુભમન ગિલ મુખ્ય બેટિંગ લાઇનઅપમાં રહેશે





નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): નવી દિલ્હી ખાતે બુધવારે 16 સપ્ટેમ્બરે અજિત અગરકરની આગેવાની હેઠળની રાષ્ટ્રીય પસંદગી સમિતિની બેઠક યોજાશે. વેસ્ટઇન્ડિઝ સામે ઘરઆંગણે રમાનારી 3 વનડે અને 5 T20I મેચોની સિરીઝ માટે ભારતીય ટીમની પસંદગી કરવામાં આવશે. આ બેઠકમાં ફિટ થઈ ચૂકેલા ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની વાપસી અને વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતને ODI ટીમમાં સ્થાન મળશે કે નહીં, તે ચર્ચાનો મુખ્ય વિષય રહેશે.

હાર્દિક પંડ્યા ફિટનેસ મેળવી ચૂક્યો છે અને 20 સપ્ટેમ્બરથી પુડુચેરી ખાતે ઓસ્ટ્રેલિયા-A સામે શરૂ થનારી ભારત-Aની 3 મેચોની વનડે સિરીઝ માટે પસંદ થયો છે. પરંતુ 27 સપ્ટેમ્બરથી તિરુવનંતપુરમ ખાતે વેસ્ટઇન્ડિઝ સામે પ્રથમ વનડે શરૂ થઈ રહી હોવાથી પસંદગીકારો પંડ્યાને સીધો જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 10 ઓવર બોલિંગ અને 50 ઓવર ફીલ્ડિંગ કરાવવા તૈયાર છે કે નહીં તે જોવાનું રહેશે. ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી એશિયન ગેમ્સ માટે જાપાન જઈ રહ્યા છે, જ્યારે સૂર્યાંશ શેડગે અને વેંકટેશ અય્યર ઈજાગ્રસ્ત છે.

બીજી તરફ, ઈશાન કિશન એશિયન ગેમ્સમાં વ્યસ્ત હોવાના કારણે ઋષભ પંત માટે 15 સભ્યોની વનડે ટીમમાં વાપસીની આશા જાગી છે. કે એલ રાહુલ મુખ્ય વિકેટકીપર રહેશે અને કેપ્ટન શુભમન ગિલ સાથે વાઇસ કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળશે. જો પંતની પસંદગી નહીં થાય તો ધ્રુવ જુરેલનો સમાવેશ કરાશે અને પંતને ઈરાની કપમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા ટીમની કેપ્ટનશીપ સોંપવામાં આવશે.

રોહિત શર્મા, વિરાટ કોહલી અને શુભમન ગિલ બેટિંગ લાઇનઅપમાં રહેશે, જ્યારે શ્રેયસ અય્યરની ગેરહાજરીમાં ઋતુરાજ ગાયકવાડ 4થા ક્રમે બેટિંગ કરી શકે છે. બેકઅપ મધ્યમ ક્રમના બેટ્સમેન તરીકે રજત પાટીદાર અને રિઝર્વ ઓપનર તરીકે યશસ્વી જયસ્વાલ દાવેદાર છે.

### બોલિંગમાં સિરાજની વાપસી નક્કી

ફાસ્ટ બોલિંગ આક્રમણમાં મોહમ્મદ સિરાજની વાપસી નક્કી છે, જેને ગુરનૂર બરાર, પ્રસિદ્ધ કૃષ્ણ અને પ્રિન્સ યાદવનો સાથ મળશે. જસપ્રીત બુમરાહ એશિયન ગેમ્સમાં રમી રહ્યો હોવાથી ઉપલબ્ધ રહેશે નહીં. મોહમ્મદ શમી અને યુઝવેન્દ્ર ચહલ જેવા સિનિયર ખેલાડીઓની પસંદગી થાય તેવી શક્યતા નહિવત છે. સ્પિન વિભાગમાં અક્ષર પટેલ એશિયન ગેમ્સમાં હોવાથી અને હર્ષ દુબે ઈજાગ્રસ્ત હોવાના કારણે રવિન્દ્ર જાડેજાની વનડે ટીમમાં વાપસી થઈ શકે છે, જ્યારે માનવ સુથાર પણ એક વિકલ્પ છે.

# ICC મહિલા T20I રેન્કિંગ : શ્રી ચારણી કરિયર-બેસ્ટ રેટિંગ સાથે નંબર 1

**ચારણીએ** 804 સ્કોર મેળવી મિથાલી રાજનો 780 રેટિંગ પોઇન્ટ્સનો રેકોર્ડ તોડ્યો

**દીપ્તિ** શર્મા 4 સ્થાનની છલાંગ લગાવી બીજા ક્રમે

**બેટિંગમાં** સ્મૃતિ પાંચમા, શેફાલી 6ઠ્ઠા અને ઓલરાઉન્ડર્સમાં 15મા સ્થાને





દુબઈ, તા. 15 (પીટીઆઈ): મંગળવારે 15 સપ્ટેમ્બરે જાહેર થયેલા તાજેતરના ICC મહિલા T20I પ્લેયર રેન્કિંગમાં ભારતીય સ્પિનર શ્રી ચારણીએ કરિયર-બેસ્ટ રેટિંગ પોઈન્ટ્સ સાથે પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે સાથી ખેલાડી દીપ્તિ શર્મા 4 સ્થાનની છલાંગ લગાવીને બીજા ક્રમે પહોંચી ગઈ છે.

શ્રીલંકા સામેની મહિલા T20 એશિયા કપ ફાઈનલમાં ચારણીના 20 રને 4 વિકેટના શાનદાર સ્પેલના કારણે આ ડાબોડી સ્પિનરે પ્રથમ વાર 800 રેટિંગ પોઈન્ટ્સનો આંકડો પાર કરીને 804નો પોતાનો કરિયર-બેસ્ટ સ્કોર હાસિલ કર્યો છે. બેટર્સ અને બોલર્સ બંને વિભાગમાં કોઈ પણ ભારતીય દ્વારા હાસિલ કરાયેલા આ સર્વોચ્ચ રેટિંગ પોઈન્ટ્સ છે. આ સાથે તેણે પૂર્વ કેપ્ટન મિથાલી રાજના વર્ષ 2011ના 780 રેટિંગ પોઈન્ટ્સના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે. ઓસ્ટ્રેલિયાની મેગન શુટના સર્વોચ્ચ રેટિંગ પોઈન્ટ્સથી ચારણી હવે માત્ર 2 પોઈન્ટ્સ જ દૂર છે.

બીજી તરફ, એશિયા કપમાં સર્વાધિક 14 વિકેટો ઝડપનાર અનુભવી ઓફ-સ્પિનર દીપ્તિ શર્મા 4 સ્થાન ઉપર ચડીને રેન્કિંગમાં બીજા ક્રમે પહોંચી ગઈ છે. સીમર નંદાણી શર્મા 10 સ્થાનના સુધારા સાથે 94મા સ્થાને અને લેગ-સ્પિનર પ્રેમા રાવત 50 સ્થાનની મોટી છલાંગ લગાવીને 96મા ક્રમે પહોંચી છે.

બેટિંગ રેન્કિંગમાં એશિયા કપમાં સૌથી વધુ 236 રન બનાવનાર શેફાલી વર્મા 7મા સ્થાનેથી 6ઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. શેફાલી પાસે હવે 741 રેટિંગ પોઈન્ટ્સ છે, જે ઓક્ટોબર 2021 પછીના તેના સર્વોચ્ચ પોઈન્ટ્સ છે. તે 5મા ક્રમે રહેલી સ્મૃતિ મંધાનાથી (745

# ચેસ ઓલિમ્પિયાડ: ભારતીય ટીમને હોટલના રૂમ માટે 5 કલાક રાહ જોવી પડી

**આજથી** શરૂ થઈ રહેલી ટુર્નામેન્ટમાં ભારતીય પુરૂષ અને મહિલા ટીમનો ટાઈટલ ડિફેન્ડ કરવાનો ઈરાદો



નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે 16થી 27 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા FIDE ચેસ ઓલિમ્પિયાડ 2026માં ભાગ લેવા પહોંચેલી ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમોને આયોજકોની ભારે ગેરવ્યવસ્થાનો ભોગ બનવું પડ્યું છે. મંગળવારે 15 સપ્ટેમ્બરે એરપોર્ટ પર ઉતર્યા બાદ ભારતીય ખેલાડીઓને હોટલના રૂમ મેળવવા માટે 5 કલાક સુધી લાંબી રાહ જોવી પડી હતી.

ભારતીય પુરૂષ ટીમના કેપ્ટન ગ્રાન્ડમાસ્ટર શ્રીનાથ નારાયણ અને ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. શ્રીનાથે લખ્યું હતું કે એરપોર્ટ પર ઉતર્યાના 5 કલાક પછી પણ રૂમ ફાળવવામાં આવ્યા નહોતા અને આયોજકો પાસે કોઈ સ્પષ્ટતા નહોતી. જોકે, બાદમાં તમામ ખેલાડીઓને હોટલના રૂમ ફાળવી દેવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ભારતીય પુરૂષ ટીમમાં વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ, આર પ્રજ્ઞાનાનંદા, અર્જુન એરિગાસી, નિહાલ સરીન અને વિદિત ગુજરાતી જેવા દિગ્ગજ ખેલાડીઓ સામેલ છે. જ્યારે મહિલા ટીમમાં કોનેરુ હમ્પી, આર વૈશાલી, દિવ્યા દેશમુખ, વંતિકા અગ્રવાલ અને સવિતા શ્રી B સામેલ છે. વર્ષ 2024માં ઐતિહાસિક પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીતનારી બંને ભારતીય ટીમો આ વખતે પણ પોતાના ટાઈટલ ડિફેન્ડ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

# એશિયન ગેમ્સ: રમતવીરોની તૈયારીઓ માટે સરકારે 700 કરોડથી વધુનો ખર્ચ કર્યો

**ભારત** 36 રમતોમાં 501 રમતવીરોનું દળ ઉતારશે

**ટ્રેનિંગ**, સાધનો અને વિદેશી એક્સપોઝર માટે બજેટનો મોટો હિસ્સો વપરાયો



નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): નવી દિલ્હી ખાતે મંગળવારે રમતગમત મંત્રાલયે માહિતી આપતા જણાવ્યું હતું કે, જાપાનના આઈચી-નાગોયામાં 19 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી એશિયન ગેમ્સ માટે ભારતીય રમતવીરોની ટ્રેનિંગ, સાધનોની સહાય તેમજ કોચ અને નિષ્ણાતોની નિમણૂક માટે છેલ્લા 3 વર્ષમાં રૂ. 702 કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS)ના CEO એન. એસ. જોહલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભારતીય દળમાં 310 રમતવીરો પ્રથમ વાર ભાગ લઈ રહ્યા છે. અગાઉની હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ભારતે 28 ગોલ્ડ, 38 સિલ્વર અને 40 બ્રોન્ઝ સાથે મેળવેલા સર્વશ્રેષ્ઠ 106 મેડલના રેકોર્ડને આ વખતે પાર કરવાનો કે તેની બરાબરી કરવાનો દેશના ખેલાડીઓનો લક્ષ્યાંક છે.

મંત્રાલયના વાર્ષિક સ્પર્ધા અને ટ્રેનિંગ કેલેન્ડર હેઠળ રૂ. 702.86 કરોડ અને TOPS ફંડમાંથી વધારાના 97.84 કરોડ ખર્ચાયા છે. આ ખર્ચનો સૌથી મોટો હિસ્સો - 251.4 કરોડ, આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓના એક્સપોઝર માટે અને 118.3 કરોડ સ્થાનિક તાલીમ માટે ફાળવવામાં આવ્યા છે. ભારત 36 રમતોમાં 501 રમતવીરો (267 પુરુષ અને 234 મહિલા) અને 265 સપોર્ટ સ્ટાફ મોકલી રહ્યું છે, જેમાં 56 મહિલા સપોર્ટ સ્ટાફ અને સ્પોર્ટ્સ સાયન્સ નિષ્ણાતોનો પણ સમાવેશ થાય છે.

### યુવા ખેલાડીઓ પર રહેશે નજર

આ વખતે 15 વર્ષીય ક્રિકેટર વૈભવ સૂર્યવંશી, ટેબલ ટેનિસ ખેલાડી સિંડ્રેલા દાસ, બેડમિન્ટન ખેલાડી આયુષ શેટ્ટી, 18 વર્ષીય સ્ક્વોશ ચેમ્પિયન અનાહત સિંહ અને જુડો ખેલાડી અસ્મિતા ડે જેવા યુવા ખેલાડીઓ પર સૌની નજર રહેશે. વધુમાં, દળના 65 ખેલાડીઓ 'ખેલો ઇન્ડિયા' યોજનામાંથી બહાર આવ્યા છે.

# ઈંગ્લિશ પ્રીમિયર લીગ : લીડ્સે ન્યુકેસલને 4-1થી કચડ્યું

**કેલ્વર્ટ**-લેવિનની શાનદાર રમત

**પ્રથમ** હાફમાં 13 મિનિટમાં 3 ગોલ ફટકારી લીડ્સ પોઇન્ટ ટેબલમાં 3જા સ્થાને પહોંચ્યું



લીડ્સ (ઈંગ્લેન્ડ), તા. 15 (એપી): ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં સોમવારે રમાયેલા મુકાબલામાં લીડ્સ યુનાઈટેડે ન્યુકેસલ સામે 4-1થી આસાન અને ભવ્ય વિજય મેળવ્યો હતો. મેચના પ્રથમ હાફમાં જ 13 મિનિટના સમયગાળામાં 3 ગોલ ફટકારીને લીડ્સે મેચ પર સંપૂર્ણ પકડ બનાવી લીધી હતી. આ જીત સાથે લીડ્સ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે.

મેચની 32મી મિનિટે આઓ તનાકાના શાનદાર શોટથી લીડ્સે 1-0ની સરસાઈ મેળવી હતી. ત્યારબાદ મેન ઓફ ધ મેચ બનેલા ડોમિનિક કેલ્વર્ટ-લેવિને આક્રમક રમત દાખવી હતી. 35મી મિનિટે તેના હેડરથી બોલ સાથી ખેલાડી જેડન બોગલને અડીને ગોલમાં જતાં તે ઓન-ગોલ જાહેર થયો હતો. પરંતુ પ્રથમ હાફના અંતિમ સમયમાં તેણે દબાણ વચ્ચે ગોલ કરીને ટીમની સરસાઈ 3-0 કરી દીધી હતી.

## સુડોકુ ૬૬૨૧ 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | ૧ | ૮ | ૨ | |
| | | | | | ૫ | ૭ | | |
| ૭ | ૬ | ૧ | ૪ | | | | | ૫ |
| | | ૪ | | ૧ | | ૫ | ૭ | ૯ |
| ૬ | ૯ | ૫ | | | | ૨ | | ૮ |
| | | ૭ | ૫ | ૯ | ૨ | | ૪ | ૩ |
| ૧ | | ૮ | | ૬ | | ૪ | ૫ | |
| ૫ | ૪ | | | | | | | |
| | ૩ | ૬ | | ૫ | ૪ | ૯ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## આજનું પંચાંગ

**તા. 16/09/2026, બુધવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : ભાદરવો
**તિથિ**: સુદ, પાંચમ: 09:00 પછી ચંપાષષ્ઠી
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : શરદ
**રાષ્ટ્રિય દિનાંક** : ભાદરવા : 25
**યોગ** : વૈધૃતિ **કરણ**: હૌવલ
**નક્ષત્ર** : વિશાખા : 17:23
**રાશિ**: તુલા (ર.ત.) 10:51 પછી વૃશ્ચિક (ન.ય.)
**દિવસ** : મિશ્ર: સંતસવરી પંચમી પક્ષ જૈન, મેલાપાટ-કાશ્મીર
**સુરતમાં સૂર્યોદય** : 06:27 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:40
**નવકારસી** : 07:15
**પારસી વર્ષ** : 1396 અરદીબેહેસ્ત માસનો 03જો રોજ
**મુસલમાન વર્ષ** :1448 રબિઉલ આખર માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં**: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વગ
**રાહુ કાળ** : બપોરે: 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,)**: માનસિક શાંતિનો અનુભવ થાય. આવક વધે. નોકરીમાં નવી તક ઊભી થાય સામાજિક કાનમ થાય.

**વૃષભ (બ,વ,ઉ,)**: હરીફો અને ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવુ. અચાનક ખર્ચા વધશે. સરકારી કામમાં મદદ મળે.

**મિથુન (ક,છ,ઘ,)**: પ્રેમ-વિવાહનો પ્રસ્તાવ આવી શકે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. નવા રોકાણથી લાભ થાય.

**કર્ક (ડ,હ,)**: રચનાત્મક કાર્યથી સફળતા મળે. આરોગ્ય નરમ રહે. ઘરમાં અવર-જવર વધે. આવક વધે.

**સિંહ (મ,ટ,)**: નવા કામ માટે નવી યોજના બને. મિત્રોનો સાથ મળે. દલાલીના કામ થાય. પ્રવાસના કામમાં મદદ મળે.

**કન્યા (પ,ઠ,ણ,)**: બૌદ્ધિક વિચાર વ્યવહાર કુશળતા અને ધીરજના કારણે અટકેલા કામ સફળ બનશે.

**તુલા (ર,ત,)**: આત્મવિશ્વાસ વધે. સરકારી નોકરીમાં જવાબદારી વધે. નવી નોકરીની તક ઊભી થાય.

**વૃશ્ચિક (ન,ય,)**: ખર્ચા વધશે. શુભ સમાચાર મળે. વિવાદથી બચવુ. ધાર્મિક પ્રવાસ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,)**: નવા કામની શરૂઆત થાય. નોકરીમાં જવાબદારી સાથે પ્રમોશન થાય. આવક વધે.

**મકર (ખ,જ,)**: નવા વેપારની યોજનામાં વડીલોનો સાથ મળે. મોજ-શોખના ધંધામાં આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,)**: રોમન્ટીક મુલાકત થાય. ધાર્મિક સાહિત્યના કામમાં સફળતા મળે. આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ,)**: ગપ્ત ભય સતાવે. સરકારી કામમાં ધીરજ રાખવી. ઉધાર લેવા-દેવાનું ટાળવું.

## અનુસંધાન ... પાના પહેલાનું

### રૂ. 2,000થી...

વેપારીઓને આમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે - સરકારનું કહેવું છે કે આ છૂટછાટથી 96 ટકા મરચન્ટ ટ્રાન્ઝેક્શન નવા ચાર્જથી મુક્ત રહેશે. વ્યક્તિથી વેપારી(P2M) વચ્ચે થતા રૂ. 2,000થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર મરચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) રૂ. 75,000 અને તેથી વધુની ચુકવણી માટે મહત્તમ રૂ. 300 નક્કી કરવામાં આવ્યો છે. વ્યક્તિથી વ્યક્તિ વચ્ચે થતા ટ્રાન્સફર (P2P) - જે UPIના કુલ વોલ્યુમના 37 ટકા અને તેના મૂલ્યના 70 ટકા છે - તેને સ્પર્શ કરવામાં આવ્યો નથી એટલે કે ફીમાંથી તેમને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. એપ પ્રોવાઈડર્સને પ્લેટફોર્મ ફી ઉમેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને બેંકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ વેપારીઓને MDRનો ખર્ચ ગ્રાહકો પર નાખવા દે નહીં. નવી ફી વડે એકત્રિત થતા ફંડનો પાંચમો ભાગ નાના વેપારીઓ માટેના UPIના વિસ્તરણ માટે વાપરવામાં આવશે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### સ્નાયુઓની નબળાઈ

અમુક વિશિષ્ટ બીમારી દરમિયાન શરીરની માંસ પેશીઓ નબળી પડે છે. રોહિણી- માંસ રોહિણીનાં વૃક્ષની અંતરછાલ અને ધમાસો પંચાંગ, દરેક 20 ગ્રામ લઇ વિધિપૂર્વક ઉકાળો બનાવી રોજ પીવા આપો. વૈદ્યરાજની દેખરેખ હેઠળ રહેજો. સંશોધન માટે અવકાશ છે.

## કોઈ પણ સાલમાં 16 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય થાય. નોકરીમાં સ્થાનફેર, જવાબદારી અને કામનો બોજ વધે. ધંધામાં હરીફો વધે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા કાર્યબોજ વધારે. સંતાનોના કેરીયર-અભ્યાસમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ-વિવાહમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો અને ટેકનોલોજીનો સાથ મળે. વધારાની આવકની યોજનામાં મિત્રો-વડીલોની મદદ મળે. વારસા-જાયદાદ જમીન જેવા કામ ધીમા પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ સોમ-ગુરુવાર 07,16,25 તારીખે નવાં કામ કરવાં. ગુલાબી સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ , સપ્ટેમ્બર બુધ, શુક્રવાર 05,14,23 તારીખે નવા કામ ટાળવાં. લાલ લીલા રંગનો ઉપયોગ ટાળવો.

### રેલવે, ટેલીકોમ,...

46 ટકા હિસ્સો ધરાવે છે. આ જ ફ્લેટ-ફી નિયમ સરકારી સેવાઓના બિલ કલેક્શન (વીજળી, પાણી, પાઇપલાઇન ગેસ) અને શૈક્ષણિક ફીની ચૂકવણી જેવી કે સ્કૂલ ટ્યુશન અને યુનિવર્સિટી ફી માટે રૂ. 2,000 થી વધુના વ્યવહારો પર લાગુ થશે. રૂ. 2,000 થી નીચેના વ્યવહારો માટે આ બંનેમાં છૂટ આપવામાં આવી છે. મ્યુચ્યુઅલ ફંડ્સ, સિક્યોરિટીઝ તેમજ સ્ટોક બ્રોકર્સ અને ડીલરો દ્વારા કરવામાં આવતી ચૂકવણીઓ પર 0.02 ટકા જેટલો ઓછો MDR લાગશે, જેની મહત્તમ મર્યાદા રૂ. 300 નક્કી કરવામાં આવી છે -- આ દર રોકાણના ખર્ચને ઓછો રાખવા અને ઔપચારિક નાણાકીય બજારોમાં છૂટક (રિટેલ) રોકાણકારોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે રચવામાં આવ્યો છે.

### બાંધછોડીયા...

એક પોસ્ટમાં લખ્યું, "'UPI પર કોઈ ફી નહીં' ની નીતિ બદલીને હવે 'રૂ. ૨,૦૦૦ સુધીના UPI ટ્રાન્ઝેક્શન પર કોઈ ફી નહીં' કરી દેવામાં આવી છે. તેમણે ઉમેર્યું, "મોદી સરકારનો આ સૌથી મોટો યુ-ટર્ન જુઓ -- દસ વર્ષ પહેલાં, નોટબંધીએ દેશના અર્થતંત્રને ભારે આંચકો આપ્યો હતો. જ્યારે નોટબંધીના વિનાશક પરિણામો વિશે સવાલો ઉઠાવવામાં આવ્યા, ત્યારે સરકારે દલીલ કરી હતી કે ડિજિટલ પેમેન્ટ્સ અને કેશલેસ ઇકોનોમીને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો." લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, "હવે, રૂ. ૨,૦૦૦થી વધુના મર્ચન્ટ UPI ટ્રાન્ઝેક્શન પર MDR લાદવામાં આવી શકે છે.

### દુબઈ જતી...

હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને ફ્લાઇટના મુસાફરો એરપોર્ટ પર ફસાયેલા રહ્યા અને સોમવારે અને મંગળવારે ફરીથી ધરણા પ્રદર્શન કર્યા, પ્રસ્થાન સમય, ખોરાક અને રહેવાની વ્યવસ્થા અંગે સ્પષ્ટતાની માંગ કરી.

### રશિયા પ્રતિબંધ...

માટે ભંડોળ પૂરું પાડી રહ્યો છે. આ બિલ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયાના ટોચના તેલ વેપારી ભાગીદારો - જેમાં ચીન અને ભારત પણ સામેલ છે - તેમના પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની સત્તા આપવા માંગે છે. ૭ ઓગસ્ટે અમેરિકી સેનેટ દ્વારા પસાર કરવામાં આવેલા આ બિલમાં રશિયાના વેપારી ભાગીદારોના નામ નથી આપ્યા, પરંતુ જથ્થા મુજબ ઓઈલ અને ગેસના પાંચ સૌથી મોટા આયાતકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ખરડો પ્રમુખની સહી માટે મોકલવામાં આવે તે પહેલા તેને સંસદના ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા પસાર કરવું જરૂરી છે. ૩ નવેમ્બરના રોજ યોજાનારી મિડટર્મ ચૂંટણીઓ પહેલા ગૃહ મુલતવી રહે તે પહેલાં તેમની પાસે માત્ર ચાર કામકાજના દિવસો બાકી છે. ડેમોક્રેટિક સાંસદ સ્ટેની હોયર દ્વારા લાવવામાં આવેલા સુધારામાં ચીન, ભારત, તુર્કી, અઝરબૈજાન, હંગેરી, સ્લોવાક રિપબ્લિક, યુએઈ, સિંગાપોર, કઝાકિસ્તાન અને કિરગિઝ રિપબ્લિકને ૧૦૦ ટકા જકાત માટે પાત્ર દેશો તરીકે નામ આપવાની માંગ કરાઈ છે. રસપ્રદ વાત એ છે કે, ડેમોક્રેટિક સાંસદ ગ્રેગરી મીક્સ, જેઓ ટ્રમ્પને વધુ ટેરિફ લાદવાની સત્તા આપવાનો સખત વિરોધ કરી રહ્યા છે, તેમણે આખી 'કલમ ૧૧૩'ને રદ કરવા માટે એક સુધારો રજૂ કર્યો છે. આ કલમ પ્રમુખને રશિયાના વેપારી ભાગીદારો પર વ્યાપક સેકન્ડરી ટેરિફ લાદવાની સત્તા આપવા માંગે છે.

### વિદેશી વિદ્યાર્થી...

રહેવાની મંજૂરી આપવામાં આવતી હતી. જજ એફ ડેનિસ સેલોર IV એ સરકારની એ દલીલને પણ ફગાવી દીધી હતી કે આ રાહત માત્ર દાવો કરનાર વાદીઓ સુધી જ સીમિત રાખવામાં આવે, આખા દેશ માટે નહીં.

### બાંગ્લાદેશમાં...

અને તેના જનરલ સેક્રેટરી શેખ વલી અસિફ એનાનનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવ્યાના લગભગ 10 મહિના પછી, 2024ના વિરોધ પ્રદર્શનો સાથે જોડાયેલા કેસોમાં ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો ત્યારે આ સાતેયનું પ્રતિનિધિત્વ સરકાર દ્વારા નિયુક્ત ડીફેન્સ વકીલો દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રિબ્યુનલે 22 જાન્યુઆરીના રોજ આરોપીઓ સામે સાત આરોપો નક્કી કર્યા હતા, જ્યારે ટ્રાયલ 17 ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી. ICT-2 એ વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસાનું નિર્દેશન કરવા અથવા તેને ઉશ્કેરવામાં આ સાતેયની કથિત ભૂમિકા પર કેસ ચલાવ્યો હતો. સરકારી વકીલોએ આ સાત નેતાઓ પર સૂચનાઓ આપીને, ઉશ્કેરણીજનક નિવેદનો આપીને અને હિંસાની યોજનાઓ પર ચર્ચા કરવા માટે બેઠકો યોજીને વિરોધ પ્રદર્શનકારીઓને દબાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

### અવકાશમાં શસ્ત્રો...

તૈનાત કર્યા છે. એર ફોર્સ સેક્રેટરી ટ્રોય મેઇન્કે સોમવારે યોજાયેલી 'એર એન્ડ સ્પેસ સાયબર કોન્ફરન્સ'માં જણાવ્યું હતું કે અમેરિકાએ ઓન-ઓર્બિટ સ્પેસ કંટ્રોલ શસ્ત્રો તૈનાત કર્યા છે, જે શત્રુઓની પ્રતિકૂળ કાર્યવાહી સામે સંયુક્ત દળોનું રક્ષણ કરવા માટે સક્ષમ છે.

### અવકાશમાં શસ્ત્રોથી...

કે યુ.એસ., ચીન અને રશિયાએ 'કાઉન્ટરસ્પેસ' ક્ષમતાઓમાં વધુને વધુ રોકાણ કર્યું છે–આ એવી તકનીકો છે જે અન્ય દેશની અંતરિક્ષ સંપત્તિમાં હસ્તક્ષેપ કરવા અથવા તેના પર હુમલો કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે.

### 1967ની...

નિશાન બનાવી શકે તેવી પ્રણાલીઓ વિકસાવવાની તક આપે છે. આ તાજેતરની જાહેરાત એવા સમયે આવી છે જ્યારે વોશિંગ્ટન સતત રશિયન અને ચીની અંતરિક્ષ કાર્યક્રમો તરફ સંભવિત ખતરા તરીકે આંગળી ચીંધી રહ્યું છે.

### દિલ્હી ડાયરી...

પાકિસ્તાનમાં જાણીતો છે. આઈસી-814 હાઇજેકિંગ દરમિયાન ભારતીય કસ્ટડીમાંથી મુક્ત થયા બાદ તેણે પાકિસ્તાનની કુખ્યાત ઇન્ટર-સર્વિસીસ ઇન્ટેલિજન્સ (આઈએસઆઈ)ની સક્રિય મદદથી ૨૦૦૦માં જેઈએમની સ્થાપના કરી હતી. એફઆઈએ દ્વારા જાહેર કરવામાં આવેલી સુધારેલી યાદીમાં અઝહરને 'સશસ્ત્ર અને ખૂબ જ ખતરનાક' ગણાવવામાં આવ્યો છે અને તેમાં ગુજરાંવાલા, મુલતાન અને લાહોરમાં તેની સામે નોંધાયેલા કેસોનો પણ સમાવેશ થાય છે.

**અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સની નમ્રતા**

જેને તમે ટૂંકા સમય માટે મળ્યા હોવ તે વ્યક્તિ પ્રત્યે આભાર વ્યક્ત કરવો એ નમ્રતા અને ગરિમા દર્શાવે છે. ૧૮મી બ્રિક્સ શિખર પરિષદમાં ભાગ લેવા માટે દિલ્હી આવેલા અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ બિન મોહમ્મદ બિન જાયદ અલ નાહયાને તેમની દિલ્હી મુલાકાત દરમિયાન આનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પોતાના દેશ પાછા ફરતાં પહેલાં પોતાના ભારતીય ડ્રાઇવર સાથે હાથ મિલાવવાના પોતાના અંદાજે લોકોનાં દિલ જીતી લીધાં છે અને સોશિયલ મીડિયા પર તેની ચર્ચા થઈ રહી છે. ક્રાઉન પ્રિન્સ નવી દિલ્હીથી રવાના થયા તે પહેલાં તેમને એરપોર્ટ સુધી મૂકવા આવેલા ડ્રાઇવરનો આભાર માનતા દર્શાવતો વીડિયો ખૂબ ચર્ચામાં છે. આ વાયરલ ક્લિપમાં ક્રાઉન પ્રિન્સ એરપોર્ટ પર પોતાની કારમાંથી બહાર નીકળતા રવાના થવાની તૈયારી કરતી વખતે મહાનુભાવોનું અભિવાદન કરતાં અને વિમાન તરફ આગળ વધતાં જોવા મળે છે. જોકે, જેવા તેઓ જવા માટે તૈયાર દેખાયા કે તરત જ તેઓ પાછળ વળ્યા અને પાછા વાહન તરફ આવ્યા. ત્યાર બાદ તેમણે ડ્રાઇવર સાથે હાથ મિલાવ્યા અને રવાના થતાં પહેલાં તેની સાથે ટૂંકી વાતચીત કરી. આ ચેષ્ટાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે અને યુઝર્સ શેખ ખાલિદના ડ્રાઇવરની વ્યક્તિગત નોંધ લેવા માટેની આ ક્ષણની પ્રશંસા કરી રહ્યા છે. 'ક્રાઉન પ્રિન્સ સાચી ખાનદાની સાબિત કરે છે' અને 'જે કોઈ ઈશ્વર પ્રત્યે નમ્ર રહે છે ઈશ્વર તેને ઊંચો દરજ્જો આપે છે.' 'નમ્રતા એ એક ઉમદા લક્ષણ છે જેનું મૂલ્ય માત્ર ઈશ્વરના સૌથી શ્રદ્ધાળુ સેવકો જ જાણે છે.' જેવી ટિપ્પણીઓથી ઇન્ટરનેટ ઊભરાઈ ગયું હતું.

**ઇન્દિરા ગાંધી એરપોર્ટ પર સુરક્ષા ચૂક**

દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમિગ્રેશનની ગંભીર ચૂકને કારણે ઉડ્ડયન અને સુરક્ષા વર્તુળોમાં હડકંપ મચી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એર ઇન્ડિયાના સીઈઓ કેમ્પબેલ વિલ્સનને એવી પ્રક્રિયાગત ચૂક બદલ કારણ દર્શક નોટિસ ફટકારી છે, જેના કારણે ત્રણ ઇટાલિયન મુસાફરોને ઈમિગ્રેશન પૂર્ણ કર્યા વિના જ દિલ્હી-મ્યુનિક ફ્લાઇટમાં સવાર થઈ ગયા હતા. આ મુસાફરો ૪ સપ્ટેમ્બરે અમૃતસરથી દિલ્હી આવ્યા હતા અને ત્યાર બાદ મ્યુનિક જતી લુફથાન્સાની ફ્લાઇટમાં બેઠા હતા. જોકે, તેમને અમૃતસરમાં બંને ફ્લાઇટ્સ માટે બોર્ડિંગ પાસ આપી દેવામાં આવ્યા હતા, પરંતુ આ મુસાફરી એર ઇન્ડિયાના 'હબ-એન્ડ-સ્પોક' મોડેલ હેઠળ આવરી લેવામાં આવી ન હતી, જે હેઠળ મૂળ એરપોર્ટ પર જ ઈમિગ્રેશન પૂર્ણ કરી શકાય છે.